ક્રમાંક:-સશપ/૧૪૯૬/૪૧૩/અ,
સમાજ કલ્યાણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.

તારીખ:-૨૧-૫-૧૯૯૬.

પ્રતિ,

કલેક્ટરશ્રી,
જીલ્લા કલેક્ટરશ્રીની કચેરી,
અમદાવાદ.

વિષય:- સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો.

રાજ્ય સરકારની નોકરીઓ તથા ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશ દરમ્યાન અનામતનો લાભ મેળવવા માટે પ્રમાણપત્ર આપવા બાબત.....

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે આપે માંગેલ સ્પષ્ટતા નીચે મુજબ છે.

| | |
|---|---|
| (૧) અરજદારને અગાઉ ભારત સરકારના ઠરાવો અનુસાર અધર બેકવર્ડ ક્લાસનું સર્ટીફીકેટ મેળવેલ હોય તેમ છતાં અરજી આપી ગુજરાતી નમુનામાં સર્ટીફીકેટ લેવા માટે અરજી કરે તો આપવું કે કેમ ? | ''ઉન્નત વર્ગો'' સબંધમાં ભારત સરકારે અપનાવેલ માપદંડો મુજબના માપદંડો રાજ્ય સરકારે અપનાવેલ હોવાથી, ભારત સરકારે નક્કી કરેલ નમુનામાં ''સામાન્ય યાદી'' માં સમાવિષ્ટ જ્ઞાતિની વ્યક્તિએ અગાઉ પ્રમાણપત્ર મેળવેલ હોય તો તે પ્રમાણપત્ર રાજ્ય સરકારની સેવાઓમાં તેમજ ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશમાં અનામતના હેતુ માટે માન્ય ગણવાનું રહે, તેવી સૂચના અત્રેના ઠરાવ નં.-સશપ/૧૪૯૪/૯૫૯/અ. તા. ૬/૨/૯૬ થી આપવામાં આવી છે.<br>પરંતુ જે જ્ઞાતિઓ રાજ્યની યાદી (૧૨૫ જ્ઞાતિ)માં હોય અને ભારત સરકારે જાહેર કરેલ ''સામાન્ય યાદી''માં ન હોય તેવી જ્ઞાતિઓને તા.૬/૨/૯૬ના ઠરાવ મુજબના ગુજરાતી નમુનામાં પ્રમાણપત્ર આપવાનું રહે. |

.૨.

| | |
|---|---|
| (૨) ભારત સરકારના ઠરાવો મુજબ ફક્ત 'સામાન્ય યાદી' (કોમન લીસ્ટ)માં જે જાતિઓનો સમાવેશ થયેલ હોય તેને જ અધર બેકવર્ડ કલાસનું સર્ટીફીકેટ આપવામાં આવે તો સરકારશ્રીના તા.૬/૨/૯૬ના હુકમ મુજબ સામાન્ય યાદીમાં (કોમન લીસ્ટ) જણાવ્યા મુજબની જ્ઞાતિઓને જે ગુજરાતી નમુનામાં અરજી મેળવી ગુજરાતી નમુના મુજબ સર્ટીફીકેટ આપવાનું છે કે સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની તમામ ૧૨૫ જ્ઞાતિને સર્ટીફીકેટ આપવાનું છે. | ભારત સરકાર અને તેના નિયંત્રણ હેઠળની સરકારી સેવાઓમાં અન્ય પછાત વર્ગો તરીકે એવી જ જ્ઞાતિઓ પેટા જ્ઞાતિઓને અનામતનો લાભ મળવાપાત્ર છે. જેમનો સમાવેશ ભારત સરકારે સામાન્ય યાદીમાં કરેલ હોય, આ બાબતે અત્રેના ઠરાવ ક્રમાંક:-સશપ/૧૪૯૫/૧.૩૪/ગ. તા.૩૦/૧૦/૯૫ થી જરૂરી સૂચનાઓ આપવામાં આવે છે.<br>જ્યારે રાજ્ય સરકારની નોકરીઓ તથા ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશ દરમ્યાન અનામતનો લાભ મેળવવા માટે વિભાગના તા.૬/૨/૯૬ના ઠરાવ સાથેના નમુનામાં, સામાજીક અને શૈક્ષણિક પછાતવર્ગની તમામ ૧૨૫ જ્ઞાતિઓને પ્રમાણપત્ર આપવાનું થાય છે. |
| નોંધ:- અધર બેકવર્ડ કલાસની કોમન યાદીમાં કુલ ૭૭ જાતિઓનો સમાવેશ થયેલ છે. જ્યારે સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગમાં કુલ ૧૨૫ જેટલી જાતિઓનો સમાવેશ થયેલ છે. | |

(૩) હાલમાં સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગનું સર્ટીફીકેટ જે નમુનામાં દરેક જાતિઓને આપવામાં આવે છે તે પ્રથા બંધ કરી સરકારશ્રીના તા.૬/૨/૯૬ના ઠરાવ અનુસાર ગુજરાતીમાં નિયત કરેલ નમુનામાં પ્રમાણપત્ર આપવાની પ્રથા અમલમાં મુકવી છે કેમ ?

ના, આ વિભાગના તા.૬/૨/૯૬ના ઠરાવમાં સ્પષ્ટતા કરેલ છે જ કે રાજ્ય સરકારની સેવાઓ તેમજ ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓમાં અનામતના હેતુ માટે લાભ લેવા સિવાયની અન્ય યોજનાકીય બાબતો કે જેમાં માત્ર જાતિની ખરાઈ આધારિત જાતિ પ્રમાણપત્ર જરૂરી બનતું હોય અથવા જાતિ અને આવક અંગે પ્રમાણપત્ર આપવા બાબતમાં અન્ય હુકમો થયેલા હોય તો તેમાં પ્રમાણપત્રનો નમૂનો, સક્ષમ અધિકારીઓ વિગેરે અંગેની હાલની જોગવાઈઓ યથાવત રહે છે.

(૪) સરકારશ્રીના તા.૬/૨/૯૬ના ઠરાવ અનુસાર પ્રમાણપત્ર આપતા અગાઉ અધર બેકવર્ડ કલાસના સર્ટીફીકેટમાં જે પ્રોસીજર અપનાવવામાં આવેલ છે તે મુજબ પ્રોસીજર કરવી કે કેમ તે અંગે યોગ્ય સૂચના થઈ આપવા વિનંતી છે.

હા.

| | |
|---|---|
| (૫) સદર બેકવર્ડ કલાસનું સર્ટીફીકેટ મેળવવા માટે અરજદાર ખોટું સર્ટીફીકેટ મેળવી ન જાય તે માટે તેમની પાસેથી રૂા. ૧૦/-ના સ્ટેમ્પ પેપર ઉપર એફીડેવીટ મેળવવી કે કેમ તે અંગે યોગ્ય સુચના થઈ આવવા વિનંતી છે. | રજુ થયેલ પુરાવા તેમજ લાગુ પડતી હકીકતોના સમર્થનમાં અરજદાર પાસેથી એફીડેવીટ મેળવવું જરૂરી જણાય તો મેળવવું. |

...........

સહી/-
(આર. વી. સુથાર)
સેકશન અધિકારી,
સમાજ કલ્યાણ વિભાગ.

નકલ રવાના :-

(૧) સર્વે જીલ્લા કલેકટરશ્રીઓ, (અમદાવાદ સિવાય)
ઉપર જણાવેલ વિગતો તમામ સંબંધકર્તાઓને જણાવવાની વિનંતી સાથે.
(૨) નિયામકશ્રી, પછાત જાતિ કલ્યાણ ખાતું, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
(૩) સિલેક્ટ ફાઈલ. અ-શાખા.

પટેલ/૧૯૮૨/૨૮.